મો.નં.૯૮૯૮૦૧૩૮૩૭

# : વેચાણ દસ્તાવેજ :

મોજે વડોદરા કસ્બા, તા.જી.વડોદરા.

સબ-રજીસ્ટ્રાર કચેરી વડોદરા-૧.

નોંધણી અનુક્રમ નં.૨૫૨૦., તા.૧૯.૦૩.૨૦૨૦

BRA-1

No 2520 -

2020

SCAN OK

બાલાજી ડેવલોપર્સ - એ નામની માલિકી (Proprietorship) પેઢીના માલિક-

અલ્પના પ્રશાંત પાઠક

## : વેચાણ આપેલ મિલકતનુ પોષ્ટલ સરનામુ :

રહેણાંક મકાન, હાથીપોળ,

કીજલ કલીનીક સામે,

રાજમહેલ રોડ,

વડોદરા.

NOTARY MAHENDRA S. GUPTA AREA Vodadara City REG.No.1175 2010 GOVT. OF GUJARAT (INDIA)

# INDIA NON JUDICIAL

## Government of Gujarat

### Certificate of Stamp Duty

सत्यमेव जयते

BRA-1
No 2520 - 1/19
2020

| | | |
|---|---|---|
| Certificate No. | : | IN-GJ88290341200889S |
| Certificate Issued Date | : | 19-Mar-2020 02:18 PM |
| Account Reference | : | IMPACC (SV)/ gj13010204/ BARODA/ GJ-BA |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJ1301020415922222293896S |
| Purchased by | : | DIPRAJ |
| Description of Document | : | Article 20(a) Conveyance - Immovable Property |
| Property Description | : | Moje Vadodara Kasba Vibhag-B, Tika No.13/5, Vadodara |
| Consideration Price (Rs.) | : | 45,00,000<br>(Forty Five Lakh only) |
| First Party | : | Balaji Developers |
| Second Party | : | Gandhi Kanaiya Ashwinbhai and Others |
| Stamp Duty Paid By | : | Balaji Developers |
| Stamp Duty Amount(Rs.) | : | 2,20,500<br>(Two Lakh Twenty Thousand Five Hundred only) |

GHANSHYAM HARIBHAI PATEL VADODARA

NOTARY MAHENDRA S. GUPTA AREA Vadodara City REG.No. 2010 GOVT. OF GUJARAT (INDIA)

MA 0004556336

VOID VOID VOID

Statutory Alert:
1. The authenticity of this Stamp Certificate should be verified at "www.shcilestamp.com". Any discrepancy in the details on this Certificate and as available on the website renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

BRA-1
No 2520 - 2/19
2020





# : સ્થાવર મિલકતનો વેચાણ દસ્તાવેજ
# રૂા.૪૫,૦૦,૦૦૦/-
# અંકે રૂપિયા પિસ્તાલીસ લાખ પુરાનો:

આજ રોજ ગુરૂવાર, તા.૧૯.૦૩.૨૦૨૦ ના રોજ આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર/

**એકતરફવાળા:**

**બાલાજી ડેવલોપર્સ - એ નામની માલિકી (Proprietorship) પેઢીના માલિક- અલ્પના પ્રશાંત પાઠક**, ઉ.વ.આ.૪૮, ધર્મઃ હિન્દુ, ધંધો : વ્રેપાર, ઠે. ૦૬, ગ્રાઉન્ડ ફ્લોર, મારૂતી પ્લાઝા, કુમેદાન ફળીયા, રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧.

**Aadhar No.5084 6274 7813. I.T.P.A.No.ATVPP0546L.**

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"વેચાણ લેનાર"** અને/અથવા **"એકતરફવાળા"** તરીકે સંબોધવામાં આવશે, જે શબ્દના અર્થમાં વેચાણ લેનાર એકતરફવાળા પેઢી તથા તેના માલીક પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, નોમીનીઓ, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

A.P. Pathak

BRA-1
No 2520 - 3/19
2020



<u>જોગ આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર/ બીજીતરફવાળાઓ:</u>

૧. **ગાંધી કનૈયા અશ્વિનભાઇ**, ઉ.વ.આ.૪૮, ધંધો-નોકરી, રહેવાસી, ઠે.નારાયણ કૃપા, સિધ્ધી વિનાયક મંદિર સામે, બસ સ્ટેન્ડ પાછળ, દાંડીયા બજાર, વડોદરા. (૫૦% હિસ્સો)

**Aadhar No.3851 0767 4553. I.T.P.A.No.ADYPG8302J.**

૨. **ગાંધી ઇલાબેન મનીષભાઇ**, ઉ.વ.આ.૪૮, ધંધો-ઘરકામ, રહેવાસી, ઠે.નારાયણ કૃપા, સિધ્ધી વિનાયક મંદિર સામે, બસ સ્ટેન્ડ પાછળ, દાંડીયા બજાર, વડોદરા. (૨૫% હિસ્સો)

**Aadhar No.4653 2159 7461. I.T.P.A.No.ARIPG0700G.**

૩. **ગાંધી જન્મેજય મનીષભાઇ**, ઉ.વ.આ.૨૪, ધંધો-અભ્યાસ, રહેવાસી, ઠે.હાથીપોળ, કીજલ કલીનીક સામે, રાજમહેલ રોડ, વડોદરા. (૨૫% હિસ્સો)

**Aadhar No.7103 1653 7100. I.T.P.A.No.BRSPG4016L.**

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"અમો"** અને/અથવા **"લખી આપનાર બીજીતરફવાળાઓ"** એ રીતે સંબોધવામાં આવશે, જે શબ્દના અર્થમાં વેચાણ દસ્તાવેજ લખી આપનાર બીજીતરફવાળાઓ પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, નોમીનીઓ, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

**જોગ અમો બીજીતરફવાળાઓ તમો એકતરફવાળાની તરફેણમાં અમારી રાજી-ખુશી, સ્વેચ્છાથી આ વેચાણ દસ્તાવેજ લખી આપી છીએ કે :**

શ્રી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ વડોદરા, વડોદરા કસ્બાના નકશાના **વિભાગ- બી, ટીકા નં.૧૩/૫, સીટી સર્વે નં.૯૯ થી નોંધાયેલ છે જેનુ ક્ષેત્રફળ ૯૪.૪૮૨૭ ચો.મી. તથા તેમાં આવેલ બાંધકામનુ ક્ષેત્રફળ ૯૪.૪૮૨૭ વાળી મિલકત** તથા સદર મિલકતની પૂર્વ દિશામાં આવેલ ખુલ્લી જગ્યા (જેનો સીટી સર્વે નં.૧૬૦, ક્ષેત્રફળ ૨૮.૬૧૪૨ ચો.મી.) ના વાપર ઉપભોગ કરવાના હકકો સાથે વાળી મિલકત અમો લખી આપનાર બીજીતરફવાળાઓની સંયુકત માલિકી કબજા ભોગવટાની આવેલી છે, જેને હવે પછી અહીં આ વેચાણ દસ્તાવેજમાં **"સદરહું મિલકત"** અને/અથવા **પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકત** તરીકે સંબોધવામાં આવશે.

A.P.Pathak ગાંધી. કનાઈ. એમ

BRA-1
No 2520 - 4/19
2020



સદરહું સીટી સર્વે નં.૯૯ વાળી મિલકત લક્ષ્મીબેન છોટાલાલ શાહના નામે સીટી સર્વે દફતરે ચાલતી આવેલ ત્યારબાદ સદર લક્ષ્મીબેન છોટાલાલ શાહનુ તા.૧૮.૦૫.૧૯૯૦ ના રોજ અવસાન થતા તેઓના તા.૦૮.૦૫.૧૯૯૦ ના વીલના આધારે સદર સીટી સર્વે નં.૯૯ વાળી મિલકત શ્રી ગોડી પાશ્વનાર્થ જૈન શ્વેતાંબર ટ્રસ્ટના ટ્રસ્ટી મધુભાઇ ગુલાબચંદ શાહ તથા પ્રવીણભાઇ મણીલાલ શાહના નામે ફેરફાર નોંધ નં.૬૦૯, તા.૧૬.૦૬.૧૯૯૯ થી દાખલ થયેલ. ત્યારબાદ સદર મધુભાઇ ગુલાબચંદ શાહ - ટ્રસ્ટીનુ તા.૧૭.૦૮.૧૯૯૮ ના રોજ અવસાન થતા નવા ટ્રસ્ટી તરીકે પન્નાલાલ રાયચંદ શાહનુ નામ દાખલ કરેલ અને તે અંગેની ફેરફાર નોંધ નં.૩૮૪, તા.૨૫.૦૨.૨૦૦૨ થી પડેલ છે.

ત્યારબાદ સદર શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર ટ્રસ્ટના પ્રમુખ - શાહ પન્નાલાલ રાયચંદ તથા શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર ટ્રસ્ટના મંત્રી પ્રવિણભાઇ મણીલાલ શાહ નાઓએ સદરહુ સીટી સર્વે નં.૯૯ વાળી મિલકત ગાંધી મનીષ અશ્વિનભાઇ તથા ગાંધી કનૈયાલાલ અશ્વિનભાઇ નાઓએ સંયુકત રીતે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નોંધણી નં.૩૪૨૮, તા.૦૮.૦૮.૨૦૦૫ થી વેચાણ આપેલ અને સદરહુ વેચાણ દસ્તાવેજ આધારે ગાંધી મનીષ અશ્વિનભાઇ તથા ગાંધી કનૈયાલાલ અશ્વિનભાઇ નુ નામ સીટી સર્વે દફતરે ફેરફાર નોંધ નં.૬૯૪, તા.૨૯.૧૦.૨૦૦૫ થી દાખલ થયેલ અને ત્યારબાદ ગાંધી મનીષ અશ્વિનભાઇ નુ અવસાન થતા તેઓના સીધીલીટીના વારસદારો ગાંધી ઇલાબેન મનીષભાઇ તથા ગાંધી જન્મેજય મનીષભાઇ નુ નામ વારસાઇ ફેરફાર નોંધ નં.૧૭૬૫, તા.૧૨.૦૩.૨૦૧૮ થી દાખલ થયેલ. આમ અમો લખી આપનાર બીજીતરફવાળાઓ સદરહું સીટી સર્વે નં.૯૯ વાળી મિલકતના સયુંકત માલિક, કબજેદાર, ભોગવટેદાર બનેલા છે અને બીજીતરફવાળાઓને સદરહું મિલકત વેચાણ કરવાનો હકક અને સત્તાધિકાર ધરાવીએ છીએ.

સદરહું સીટી સર્વે નં.૯૯ વાળી મિલકતની પૂર્વ દિશાએ આવેલ ખુલ્લી જગ્યા (બગીચા વાળી જગ્યા) જેનો સીટી સર્વે નં.૧૬૦, ક્ષેત્રફળ ૨૮.૬૧૪૨ ચો.મી. વાળી મિલકત શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર ટ્રસ્ટને પ્રોબેટ એપ્લીકેશન નં.૨૫૩/૯૧, તા.૦૬.૦૫.૧૯૯૨ થી તેના વાપર ઉપયોગ કરવાના અધિકાર મળેલ અને ત્યારબાદ શ્રી ગોડી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર ટ્રસ્ટે સીટી સર્વે નં.૯૯ વાળી મિલકત જેને વેચાણ આપેલ હોય તેને સીટી સર્વે નં.૧૬૦ વાળી મિલકતના વાપર ઉપયોગ કરવાના અધિકારો ટ્રાન્સફર થતા હોય સદર સીટી સર્વે નં.૧૬૦ વાળી મિલકતના વાપર ઉપયોગ કરવાના અધિકારો સાથે સદરહુ સીટી સર્વે નં.૯૯ વાળી મિલકત અમો બીજીતરફવાળાઓએ તમો એકતરફવાળાને વેચાણ આપેલ છે.

A. P. Pathak          ગાંધી. ઇલા઼ઇ. એમ.

BRA-1

No 2520 5/19

2020



"સદરહું મિલકત" તમો એકતરફવાળાએ વેચાણ રાખવા માંગણી કરતા અમો લખી આપનાર બીજીતરફવાળાઓએ વેચાણ આપવા ઇચ્છા, રાજી-ખુશી દર્શાવતા તમો એકતરફવાળાને **રૂા.૪૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પિસ્તાલીસ લાખ પુરા**માં વેચાણ આપેલ છે, જેના વેચાણ અવેજની રકમ **રૂા.૪૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પિસ્તાલીસ લાખ પુરા** તમો એકતરફવાળા તરફથી અમો બીજીતરફવાળાઓને નીચેની વિગતે સંપૂર્ણ મળી ગયેલ છે જેની અમો બીજીતરફવાળાઓ આ સ્વીકૃતિ પહોંચ લખી આપીએ છીએ.

**: વેચાણ અવેજની રકમ મળ્યાની વિગત :**

| | |
|---|---|
| રૂા.૧,૨૫,૦૦૦/- | ડી.ડી. નં.૨૩૧૩૦૯, તા.૨૫.૦૬.૨૦૧૯, યુકો બેંક, રાવપુરા શાખા, વડોદરાથી ગાંધી કનૈયા અશ્વિનભાઇના નામનો |
| રૂા.૬૨,૫૦૦/- | ડી.ડી. નં.૨૩૧૩૦૬, તા.૨૫.૦૬.૨૦૧૯, યુકો બેંક, રાવપુરા શાખા, વડોદરાથી ગાંધી ઇલા મનીષના નામનો |
| રૂા.૬૨,૫૦૦/- | ડી.ડી. નં.૨૩૧૩૦૭, તા.૨૫.૦૬.૨૦૧૯, યુકો બેંક, રાવપુરા શાખા, વડોદરાથી ગાંધી જન્મેજય મનીષના નામનો |
| રૂા.૨૧,૨૫,૦૦૦/- | ચેક નં.૦૦૦૦૦૩, તા.૧૯.૦૩.૨૦૨૦, યુકો બેંક, રાવપુરા શાખા, વડોદરાથી ગાંધી કનૈયા અશ્વિનભાઇના નામનો |
| રૂા.૧૦,૬૨,૫૦૦/- | ચેક નં.૦૦૦૦૦૪, તા.૧૯.૦૩.૨૦૨૦, યુકો બેંક, રાવપુરા શાખા, વડોદરાથી ગાંધી ઇલા મનીષના નામનો |
| રૂા.૧૦,૬૨,૫૦૦/- | ચેક નં.૦૦૦૦૦૫, તા.૧૯.૦૩.૨૦૨૦, યુકો બેંક, રાવપુરા શાખા, વડોદરાથી ગાંધી જન્મેજય મનીષના નામનો |
| **રૂા.૪૫,૦૦,૦૦૦/-** | **કુલ અંકે રૂપિયા પીસ્તાળીસ લાખ પુરા** |

ઉપરોક્ત વિગતે "સદરહું મિલકત" ના વેચાણ અવેજની સંપૂર્ણ રકમ ઉપર મુજબ અમો લખી આપનાર બીજીતરફવાળાઓને તમો એકતરફવાળા તરફથી મળી જતા તેના બદલામાં અમારી "સદરહું મિલકત" તેના તમામ પ્રકારના લાભો, હકકો, અધિકાર સાથે અઘાટ વેચાણ લખી આપી તમો એકતરફવાળાને તેના માલિક, હકકદાર, કબજેદાર બનાવેલ છે અને "સદરહું મિલકત" નો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો બીજીતરફવાળાઓએ તમો એકતરફવાળાને આજ રોજ સોંપી આપેલ છે જે કબજો તમો એકતરફવાળાએ આજ રોજ સંભાળી લીધેલ છે.

NOTARY MAHENDRA S. GUPTA AREA Vadodara City REG.No. 1175 2013 GOVT. OF GUJARAT

A.P. Pathak

ગાંધી. આઈ. એમ.

RA-1
No 2520 6/19
2020



તમો લખાવી લેનાર એકતરફવાળાને વેચાણ આપેલ "સદરહું મિલકત" અમો લખી આપનાર બીજીતરફવાળાઓની સયુંકત માલિકી, કબજા, ભોગવટાની મિલકત છે, જેમા અમારા સિવાય બીજા કોઇપણ ત્રાહીત વ્યકિત કે અન્ય કોઇપણનો લાગ, ભાગ, હકક, હીત, હિસ્સો, સંબધ કે દર-દાવો નથી તેમજ અમોએ અન્ય કોઇને ગીરો, બક્ષીસ, બાનાખત, વેચાણ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરેલ નથી તેમજ કોઇપણ બેંકનું, સંસ્થાનુ, સહકારી મંડળીનું, સરકારી, અર્ધ-સરકારી કચેરીનું વ્યકિતગત વિગેરે કોઇપણ જાતના કર, બોજ કે લીયન નથી કે મોર્ગેજ કરેલ નથી અને "સદરહું મિલકત" સંપુર્ણ બોજા મુકત તથા કલીયર માર્કેટેબલ ટાઇટલ વાળી છે, તેમજ "સદરહું મિલકત" અંગે કોઇપણ કોર્ટમાં કોઇપણ પ્રકારની કાંનુની કાર્યવાહી ચાલતી નથી, કે જપ્તીમાં નથી તેવો પાકો ભરોસો અને વિશ્વાસ લખી આપી તમો લખી લેનાર એકતરફવાળાને હંમેશ માટે વેચાણ આપી માલિકી દરજજે ટ્રાન્સફર કરી આપેલ છે જે તમો લખી લેનાર તમારા વંશ, વાલી, વારસો, વિગેરે યાવતચંદ્ર દિવાકરો સુખથી ભોગવજો, વસજો, વસાવજો તથા ઉપયોગ, ઉપભોગ, ભોગવટો નિકાલ કરવા કે ગીરો, બક્ષીસ વેચાણ કે મન ચાહે તે રીતે ટ્રાન્સફર કરવા / કરાવવા માલીક થયા છો. હવે પછી "સદરહું મિલકત" પર અમો લખી આપનાર બીજીતરફવાળાઓ કે અમારા વંશ, વાલી, વારસો ઇત્યાદીનો કોઇપણ પ્રકારનો હકક, લાગ, ભાગ, હિત કે સંબધ રહ્યો નથી.

ભવિષ્યમાં "સદરહું મિલકત" સંબંધે અમો લખીં આપનાર બીજીતરફવાળાઓના તથા અમારા પુરોગામીના રાઇટ, ઇન્ટરેસ્ટ, ભોગવટા, નામ ટ્રાન્સફર કે ટાઇટલ સંબંધે કયારેય કોઇપણ વાંધો, તકરાર ઉઠાવશે નહી કે દરદાવો કરશે / કરાવશે નહી તેમ છતાં જો કોઇપણ કાંઇપણ પ્રકારનો વાંધો તકરાર ઉઠાવે કે દરદાવો કરે તેવા પ્રસંગે જરૂરી કાર્યવાહી અમારા ખર્ચે, હિસાબે અને જોખમે તે દુર કરી ટાઇટલ કલીયર કરી આપવાની તથા તે અનુસંધાને થયેલ ખર્ચ, પરીણામ અને નુકશાનીની જવાબદારી અમો લખી આપનાર બીજીતરફવાળાઓની તથા અમારા વંશ, વાલી, વારસોને શીરે છે જેની કબુલાત, ખાત્રી, વિશ્વાસ, ભરોસો લખી આપીએ છીએ. સંજોગોવસાત અમો લખી આપનાર સદરહું કાર્યવાહી ન કરી શકીએ તેવા સંજોગોમાં તમો લખી લેનાર કરો તો તેના તમામ પ્રકારના ખર્ચની રકમ, નુકશાની તર્થા પરીણામની જવાબદારી અમો લખી આપનાર બીજીતરફવાળાઓની છે અને થયેલ ખર્ચ, નુકશાનીની વળતરની રકમ અમોએ તમો લખી લેનાર એકતરફવાળાને ચુકવી આપવાના છે જેની ખાત્રી, ભરોસો, સંપુર્ણ વિશ્વાસ, તથા બાહેંધરી લખી આપીએ છીએ.

A.P. Pathak

GRA-1 No 2520 - 7/19 2020

તમો લખી લેનાર એકતરફવાળાને વેચાણ આપેલ "સદરહું મિલકત" ના આજ દિન દિનાંક સુધીના તમામ પ્રકારના સરકારી, અર્ધ-સરકારી કચેરી, મ્યુનિસિપલ કોર્પોરેશન, તલાટી કચેરી વિગેરેના તમામ કર, વેરાઓ વિગેરે તથા અન્ય ચુકવણાઓ અમો લખી આપનાર બીજીતરફવાળાઓએ ભરપાઇ કરી આપેલ છે. આમ છતાં ભવિષ્યમાં કોઇ કર, વેરા, ચુકવણા વિગેરે આજની તારીખ સુધીના ભરવાના, ચુકવવાના નીકળે તો અમો લખી આપનાર બીજીતરફવાળાઓએ ભરપાઇ કરી આપવાના છે તથા આ વેચાણ દસ્તાવેજ તમો એકતરફવાળાના નામે રજીસ્ટર થયે આજથી થતા, થવાના વેરાઓ, ચુકવણા તમો લખાવી લેનાર એકતરફવાળાએ ચુકવવાના છે.

**: વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ મિલકતનું વર્ણન - પરિશિષ્ટ :**

શ્રી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ વડોદરા, વડોદરા કસ્બાના નકશાના **વિભાગ બી, ટીકા નં.૧૩/૫, સીટી સર્વે નં.૯૯ થી નોંધાયેલ છે જેનુ ક્ષેત્રફળ ૯૪.૪૮૨૭ ચો.મી. તથા તેમાં આવેલ બાંધકામનુ ક્ષેત્રફળ ૯૪.૪૮૨૭ વાળી મિલકત** તથા તેની પૂર્વ દિશામા આવેલ ખૂલ્લી જગ્યાના વાપર ઉપભોગ કરવાના હકકો સાથે વાળી મિલકત. સદરહુ મિલકતની ચર્તુ:સીમા નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| ઉત્તરે | - | સીટી સર્વે નં.૧૦૦ વાળી મિલકત આવેલ છે. |
| દક્ષિણે | - | સીટી સર્વે નં.૧૩૭ વાળી મિલકત આવેલ છે. |
| પુર્વે | - | જાહેર રસ્તો આવેલ છે. |
| પશ્ચિમે | - | જાહેર રસ્તો આવેલ છે. |

ઉપરોકત ચર્તુ:સીમા, ખુટ વચ્ચે આવેલ "સદરહું મિલકત" તેમાં આવેલ વિદ્યુત જોડાણ, વિગેરે જોડાણો સાથે, અસલ માપ, હદ, દીશા, હકક મુજબ તેને લગતા વળગતા જવા, આવવાના ચાલ નીકાલના હવા, અજવાળા, ઇજમેન્ટ તથા તમામ વ્યવસ્થા, હકક, હીત સબંધ સાથે વેચાણ આપેલ છે. સદરહું મિકલત રિધ્ધિ-સિધ્ધી સાથે, અષ્ટમ સિધધ નવ-નીધી જે પ્રગટ થાય તે સાથે યાવતચંદ્ર દિવાકરો તમો એકતરફવાળાને વેચાણ આપેલ છે.

**"સદરહું મિલકત" માં વડોદરા મહાનગર સેવા સદનના ગેસ પ્રોજેકટના નેચરલ ગેસ કનેકશન સાથે વેચાણ આપેલ છે.**

A.P. Pathak

ગોંધા. રનાઈ. એમ.

BRA-1
No 2520 - 8/19
2020



સદરહું મિલકતમાં બાંધકામ કરવાની પરવાનગી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની રજાચીઠ્ઠી નં.વીએમસી/૧૯.૦૭.૨૦૧૯/૧૨૪૯૨૭૪/૦૧/૦૦૧૭૩૨, તા.૩૧.૦૭.૨૦૧૯ થી નકશા પાસ કરાવી અમો બીજીતરફવાળાઓના નામે મેળવેલ છે તે રજાચીઠ્ઠી સહીત તથા તે રજાચીઠ્ઠી મુજબ ના તમામ હકકો અને જવાબદારીઓ સાથે સદરહુ મિલકત તમો એકતરફવાળઓને વેચાણ આપેલ છે.

સદરહું મિલકત વેચાણ આપવા અંગેનુ રજીસ્ટર્ડ બાનાખત અમો બીજીતરફવાળાઓએ તમો એકતરફવાળાને તા.૨૬.૦૬.૨૦૧૯ ના રોજ કરી આપેલ છે જેનો નોંધણી નં.૫૨૬૩, તા.૨૬.૦૬.૨૦૧૯ થી છે.

"સદરહું મિલકત" આ વેચાણ દસ્તાવેજ આધારે તમો એકતરફવાળા તમારા નામ જોગ સરકારી, અર્ધ-સરકારી કચેરી, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, સીટી સર્વે કચેરી વિગેરેમાં તમારા નામ જોગ ટ્રાન્સફર કરાવી લેશો તે અમોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. આ કામે જયાં જયાં સહી, કબુલાતની જરૂર હોય તે અમોએ રૂબરૂ જાતે હાજર રહી કરી આપવાની છે તેની અમો બીજીતરફવાળાઓ ખાત્રી, ભરોસો, વિશ્વાસ લખી આપીએ છીએ.

આ વેચાણ દસ્તાવેજની વકીલ ફી, સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી વિગેરે લખી લેનાર તમો એકતરફવાળાએ ચુકવવાના છે.

"સદરહું મિલકત" નો આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનાર બીજીતરફવાળાઓએ અમારી રાજીખુશીથી, વાંચી, સમજી, વિચારી, જીવ કાયમ રાખી, કોઇના કોઇપણ પ્રકારના દાબ દબાણ વગર, અકકલ હોંશીયારીથી, સાફદીલે, બીનકેફે, સાવધ અવસ્થામાં લખી આપેલ છે, જે અમો લખી આપનાર તથા અમારા વંશ, વાલી, વારસોને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે જેની ખાત્રી વિશ્વાસ, ભરોસા બદલ નીચે અમારી સહી સાક્ષી રૂબરૂ કરી સાક્ષીની સહી શાખ કરાવી આપેલ છે.

તા.૧૯.૦૩.૨૦૨૦, વડોદરા

અત્રે ............................ મતુ      અત્રે ............................ શાખ

**લખી આપનાર/બીજીતરફવાળાઓ:**

૧. ............................      ૧. ............................

(ગાંધી કનૈયા અશ્વિનભાઇ)      ૨. ............................

NOTARY MAHENDRA S. GUPTA AREA Vadodara City REG.No. 1175 2010 GOVT. OF GUJARAT (INDIA)

BRA-1
No 2520 - 9/19
2020



૨. ગાંધી. ઇલા. મનીષ.
(ગાંધી ઇલા મનીષ)

૩. ............................
(ગાંધી જન્મેજય મનીષ)

SUB REGISTRAR
રજીસ્ટ્રાર
વડોદરા-૧
VADODARA

લખી લેનાર/એકતરફવાળાઃ

બાલાજી ડેવલોપર્સ-
એ નામની માલિકી (Proprietorship) પેઢીના માલિક-
અલ્પના પ્રશાંત પાઠક

A. P. Pathak
..............................
(અલ્પના પ્રશાંત પાઠક)

NOTARY
MAHENDRA S. GUPTA
AREA. Vadodara City
REG No. 1175
2010
GOVT. OF GUJARAT

A-1
No 2520 - 10/19
2020



<u>વેચાણ આપેલ મિલકતના ફોટોગ્રાફ્સ</u>



<u>વેચાણ આપેલ મિલકતનુ પોષ્ટલ સરનામુ :</u>

રહેણાંક મકાન, હાથીપોળ, કીંજલ કલીનીક સામે, રાજમહેલ રોડ, વડોદરા.

NOTARY
MAHENDRA S. GUPTA
AREA Vadodara City
REG.No.1175
2010
GOVT. OF GUJARAT (INDIA)

<u>વેચાણ આપનારની સહીઃ</u>

A.P.Pathak
<u>વેચાણ રાખનારની સહીઃ</u>

BRA-1
No 2520 - 11/19
2020



## રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ની કલમ ૩૨(એ) મુજબનું શીડયુલ

નામ તથા સહી | ફોટો | ડાબા હાથના અંગુંઠાનું નિશાન

લખી આપનાર/બીજીતરફવાળાઓ:



૧. ..............................
(ગાંધી કનૈયા અશ્વિનભાઇ)



૨. ગાંધી. આઈ. એમ.
(ગાંધી ઈલા મનીષ)



૩. ..............................
(ગાંધી જન્મેજય મનીષ)

લખી લેનાર/એકતરફવાળાઓ:
બાલાજી ડેવલોપર્સ-
એ નામની માલિકી (Proprietorship) પેઢીના માલિક-
અલ્પના પ્રશાંત પાઠક



A.P.Pathak
..............................
(અલ્પના પ્રશાંત પાઠક)

NOTARY
MAHENDRA S. GUPTA
AREA Vadodara City
REG.No. 1175
2010
GOVT. OF GUJARAT (INDIA)

BRA-1
No 2520 12/19
2020

રજીસ્ટ્રર્ડ વેચાણ દસ્તાવેજ નં. 2520, તા.૧૯/૦૩/૨૦૨૦

: : પરિશિષ્ટ : :

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ નીં પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ :-

| અં.નં. | પ્રશ્નો | જવાબ (હા કે ના) |
|---|---|---|
| | **લખી આપનાર, સંમતી આપનાર કે તેઓના કુ.મું. ને પુછવાનાં પ્રશ્નો :** | |
| ૧ | લેખમાં દર્શાવ્યા મુજબ શ્રી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ વડોદરા, વડોદરા કસ્બાના નકશાના **વિભાગ બી, ટીકા નં.૧૩/૫, સીટી સર્વે નં.૯૯ થી નોંધાયેલ છે જેનુ ક્ષેત્રફળ ૯૪.૪૮૨૭ ચો.મી. તથા તેમાં આવેલ બાંધકામનુ ક્ષેત્રફળ ૯૪.૪૮૨૭ વાળી મિલકત** નો વેચાણ દસ્તાવેજનો લેખ કરી આપેલ છે ? | હા |
| ૨ | લેખમાં દર્શાવ્યા મુજબ શ્રી ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ વડોદરા, વડોદરા કસ્બાના નકશાના **વિભાગ બી, ટીકા નં.૧૩/૫, સીટી સર્વે નં.૯૯ થી નોંધાયેલ છે જેનુ ક્ષેત્રફળ ૯૪.૪૮૨૭ ચો.મી. તથા તેમાં આવેલ બાંધકામનુ ક્ષેત્રફળ ૯૪.૪૮૨૭ વાળી મિલકત** નો વેચાણ દસ્તાવેજનો લેખ કરી આપેલ છે.? | હા |
| ૩ | લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે ? | હા |
| ૪ | લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી / અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ? | હા |
| ૫ | પાવર ઓફ એર્ટની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે ? | - |
| ૬ | પાવર ઓફ એર્ટનીના લેખમાં પાવર ઓફ એર્ટની લેખમાં પાવર ઓફ એર્ટની આપનાર વ્યકિત/ ઓ એ સહી / અંગુઠાનું નિશાન કરેલ છે ? | - |
| ૭ | પાવર ઓફ એર્ટનનીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે ? | - |
| ૮ | ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છે? | હા |
| | **ઓળખાણ આપનારને પુછવાનાં પ્રશ્નો :** | |
| ૧ | દસ્તાવેજમાં લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો? | હા |
| ૨ | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છેં? | હા |
| ૩ | કોઇ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો? | હા |

**લખી આપનાર/સંમતિ આપનાર/કુ.મુ ની સહી** **ઓળખાણ આપનારની સહી**

ગાંધી. આઈ. એમ.

NOTARY MAHENDRA S. GUPTA AREA Vadodara City REG.No. 1175 2010 GOVT. OF GUJARAT (INDIA)

સહી સબ રજીસ્ટ્રાર : ..........

સબ રજીસ્ટ્રાર
વડોદરા-૧

નં.અવિત/વશી/૧૬૨૦/૨૦૨૦ તા.૯૬/૬/૨૦૨૦

નાયબ કલેકટર વડોદરા શહેરની કચેરી
નર્મદા ભવન, સી બ્લોક, ૬ઠ્ઠે માળ, જેલ રોડ, વડોદરા.

ફોન નંબર–૨૪૩૪૪૦૨

// વાંચ્યા //

૧. અરજદારશ્રી **ગાંધી કનૈયા અશ્વિનભાઈ વિગેરે, તા. ૧/૬/૨૦૨૦** ની અરજી તેમજ અરજી સાથે રજુ થયેલ પુરાવા.

૨. ગુજરાત અશાંત વિસ્તારમાંથી સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મુકવા તથા તે વિસ્તારોમાંથી જગામાંથી ભાડુઆતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈઓ બાબતના અધિનિયમ,૧૯૯૧.

૩. ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના નોટીફીકેશન નં.
(ક)નં.જીએચએમ/૨૦૦૯/૮૨/એમ/આરજીએન/૧૦૨૦૦૯/યુ.ઓ.–૬/એચ–૧ તા.૩૦/૯/૦૯
(ખ)નં.જીએચએમ/૨૦૦૯/૯૫/એમ/આરજીએન/૧૦૨૦૦૯/યુ.ઓ.–૬/એચ–૧ તા.૯/૧૨/૦૯
(ગ) નં.જીએચએમ/૨૦૧૧/૪૬/ એમ/આરજીએન/૧૦૨૦૧૦/૪૩૧/એચ–૧ તા.૯/૬/૧૧

૪. કલેકટરશ્રી વડોદરાના પત્ર ક્રમાંક/આરટીએસ/વશી/૧૪૬૫/૨૦૧૧ તા.૩૦/૦૬/૧૧

૫. ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના નોટીફીકેશન નં.જીએચએમ/૨૦૧૪/૧૨૧/ એમ/એસટીપી/૧૧૨૦૧૪/૧૪૪૮/એચ–૧ તા.૩૦/૯/૧૪.

૬. ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના નોટીફીકેશન નં.જીએચએમ/૨૦૧૯/એમ/૮૬/એસટીપી/ ૧૧૨૦૧૯/૧૮૪૪/એચ–૧ તા.૩૦/૯/૧૯.

**// હુકમ //**

આમુખ–(૧)માં જણાવેલ અરજીથી **અરજદારશ્રી** ગાંધી કનૈયા **અશ્વિનભાઈ વિગેરે રહે. નારાયણ કૃપા, સિધ્ધી વિનાયક મંદિર સામે, બસ સ્ટેન્ડ પાછળ, દાંડીયા બજાર, વડોદરાએ** વંચાણ ૩(ક)ના નોટીફીકેશનથી જાહેર કરાયેલ અશાંત વિસ્તારમાં સમાવિષ્ટ થયેલ તેઓની નીચે જણાવેલ સ્થાવર મિલકત તબદીલ કરવા માટે અશાંત વિસ્તાર ધારાની કલમ–૫(૧)નીચે અત્રેની મંજુરી માંગેલ છે. સ્થાવર મિલકત વેચાણ/બક્ષીસ કરનાર અને વેચાણ/બક્ષીસ રાખનાર બંને પક્ષે મુકત સંમતિથી કોઈપણ જાતની ધાકધમકી સિવાય પ્રવર્તમાન બજાર કિંમતે વેચાણ/બક્ષીસ દસ્તાવેજ કરવા અંગેની હકીકત અલગ અલગ સોગંદનામાથી રજુ કરેલ છે.તેમજ અરજદાર તરફથી અરજી સાથે રજુ કરવામાં આવેલ આધાર પુરાવા ધ્યાનમાં લેવામાં આવેલ છે.

સબબ આમુખ (૩)(ગ) અને (૪,૫,૬) થી મળેલ અધિકારોની રૂઈએ અરજદારશ્રીને અશાંત વિસ્તાર મિલકત તબદીલી અધિનિયમ જોગવાઈઓના હેતુ પુરતી જ સદરહુ મિલકત વેચાણ/બક્ષીસ લેનાર **બાલાજી ડેવલોપર્સએ નામની માલિકી પેઢીના માલિક અલ્પના પ્રશાંત પાઠક રહે. ૦૬, ગ્રાઉન્ડ ફલોર, મારૂતી પ્લાઝા, કુમેદાન ફળીયા, રાજમહેલ રોડ, વડોદરાને** તબદીલ કરવાની નીચેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

**// સ્થાવર મિલકતનું વર્ણન //**

| અ. નં. | વિસ્તારનું નામ | સ્થાવર મિલકતનું વર્ણન / સરનામું | વોર્ડ નં. / સીટી સર્વે નં. | મ્યુ. સે.સ.નં. | કુલ ક્ષેત્રફળ |
|---|---|---|---|---|---|
| ૧ | કસ્બા | મિલકત | વિ–બી, ટીકા નં.૧૩/૫, સી.સ.નં.૯૯ | | ૯૪.૪૮૨૭ ચો.મી. |

BRA-1
No 2520 - 13/19
2020

NOTARY MAHENDRA S. GUPTA AREA Vadodara City REG.No.1175 2010 GOVT. OF GUJARAT (INDIA)

શરતોઃ–

૧. આ પરવાનગી માત્ર અશાંત વિસ્તારમાં સ્થાવર મિલકતની તબદીલ કરવાના અધિનિયમ ૧૯૯૧ હેઠળ માત્ર સબ રજીસ્ટ્રાર સમક્ષ દસ્તાવેજ નોંધાવવા પુરતી આપવામાં આવે છે. જેથી અન્ય કાયદા અન્વયે લેવા પાત્ર થતી પરવાનગી લેવાની રહેશે.

૨. સદરહું મિલકત અંગે ન્યાયની કોર્ટમાં કોઈપણ કેસ ચાલતાં હોવા અંગેની તથા ભાડુઆતોના હકકો અંગેની હકીકત છુપાયેલી હશે, તો મંજુરી આપોઆપ રદ ગણાશે.

૩. મિલકત તબદીલી અંગે અન્ય કાયદાઓ / નિયમો હેઠળ લેવાની થતી પરવાનગી ઈલાયદા લેવાની રહેશે.

૪. પ્રવર્તમાન જંત્રી મુજબ સ્ટેમ્પ ડયુટી ભરવાની રહેશે.

૫. જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩(એએ)ના કિસ્સામાં સબ રજીસ્ટ્રારશ્રીએ મે.કલેકટરશ્રી, વડોદરાની અલગથી પરમીશન મેળવ્યા બાદ દસ્તાવેજ કરવાનો રહેશે.

૬. કુલમુખત્યારપત્ર ધરાવતી પરવાનગીના કિસ્સામાં કુલમુખત્યારપત્રની ખરાઈ કરવાની જવાબદારી જે તે સબરજીસ્ટ્રારશ્રીની દસ્તાવેજ નોંધણી વખતે કરવાની રહેશે, અને ત્યારબાદ જ દસ્તાવેજ નોંધણી કરવાનો રહેશે.

૭. તબદીલ કરવાની મિલકતના મુળ મંજુર થયેલ નકશામાં જણાવેલ ક્ષેત્રફળ કરતાં વિભાજન થયેલ મિલકતના પેટા પ્લોટ અંગે રીવાઈઝ નકશા / રજાચિઠ્ઠીની સક્ષમ અધિકારીશ્રી પાસેથી મંજુરી મેળવેલ છે કે કેમ? તે અંગેના આધાર પુરાવા મેળવ્યા બાદ સબરજીસ્ટ્રારશ્રીએ દસ્તાવેજ નોંધણીની તથા સીટી સર્વે વિભાગે નોંધ પ્રમાણિત કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

૮. આ પરવાનગી મળ્યા તારીખથી ૩ માસમાં વેચાણ વ્યવહારનો દસ્તાવેજ સબ રજીસ્ટ્રારશ્રી સમક્ષ નોંધાવવાનો રહે છે. .

(નાયબ કલેકટર વડોદરા શહેર – સિક્કો)

નાયબ કલેકટર વડોદરા શહેર

પ્રતિ,

(૧) ગાંધી કનૈયા અશ્વિનભાઈ વિગેરે

રહે. નારાયણ કૃપા, સિધ્ધી વિનાયક મંદિર સામે, બસ સ્ટેન્ડ પાછળ, દાંડીયા બજાર, વડોદરા

(૨) બાલાજી ડેવલોપર્સએ નામની માલિકી પેઢીના માલિક અલ્પના પ્રશાંત પાઠક

રહે. ૦૬, ગ્રાઉન્ડ ફલોર, મારૂતી પ્લાઝા, કુમેદાન ફળીયા, રાજમહેલ રોડ, વડોદરા

નકલ રવાનાઃ–

(૧) સબ રજીસ્ટ્રારશ્રી નં....., હેડ કવાટર્સ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરી, કુબેર ભવન, ૬ઠ્ઠો માળ, વડોદરા તરફ જાણમાં લઈ જરૂરી કાર્યવાહી થવા સારૂ.

BRA-1 | 14
No 2520 – | 17
2020

NOTARY MAHENDRA S. GUPTA ... GOVT. OF GUJARAT

| BRA - 1 | | |
|---|---|---|
| 2520 | 15 | 19 |
| 2020 | | |

(W) 19/03/2020 3:28 PM

અનુક્રમ નંબર ૨૫૨૦ સને ૨૦૨૦ ના માર્ચ માસની ૧૯ મી તારીખે ૧૪ થી ૧૫ વાગ્યાની વચ્ચે વડોદરા - 1 સબ રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યો.

| પહોંચ નંબર:૨૦૨૦૦૧૪૦૦૮૩૪૩ | |
|---|---|
| ફીપહોંચી છે તે | Rs. |
| રજીસ્ટ્રેશન ફી | 0.00 |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો (20) | ૪00.00 |
| અન્ય ફી | 0.00 |
| કુલ એકંદરે રૂ. | ૪00.00 |





તા. ૧૧-૦૬-૨૦૦૪ ના ઠરાવ મુજબ મહિલાને નોંધણી ફીમાં માફી આપેલ છે.

A·P·Pathak

બાલાજી ડેવલોપર્સ - એ નામની માલિકી (Proprietorship) પેઢીના માલિક - અલ્પના પ્રશાંત પાઠક

CHETANKUMAR DEVJIBHAI CHAUDHARY
સબ રજીસ્ટ્રાર
વડોદરા - 1

CHETANKUMAR DEVJIBHAI CHAUDHARY
સબ રજીસ્ટ્રાર
વડોદરા - 1

NOTARY
MAHENDRA S. GUPTA
AREA : Vadodara City
REG.No. 1175
GOVT. OF GUJARAT (INDIA)

| BRA - 1 | | |
|---|---|---|
| 2520 | 16 | 19 |
| 2020 | | |

(W) 19/03/2020 3:28 PM

| અનું.નંબર | પક્ષકારનું નામ અને સરનામુ | ઉમર | ફોટોગ્રાફ | ડા.હા.અં.ની છાપ | સહી |
|---|---|---|---|---|---|
| આપનાર | | | | | |
| ૧ | 1. ગાંધી કનૈયા અશ્વિનભાઇ<br>નરાયણ કૃપા સિધ્ધી વિનાયક મંદીર સામે બસ સ્ટેન્ડ પાછળ દાડીયા બજાર,વડોદરા<br>PANNO:ADYPG8302J | ૪૮ |  |  | |
| આપનાર | | | | | |
| ૨ | ૨. ગાંધી ઇલા મનીષ (25% હિસ્સો)<br>નારાયણ કૃપા-સિધ્ધી વિનાયક મંદિર સામે-બસ સ્ટેન્ડ પાછળ-દાંડીયા બજાર-વડોદરા | ૪૭ |  |  | |
| આપનાર | | | | | |
| ૩ | ૩. ગાંધી જન્મેજય મનીષ (25% હિસ્સો)<br>નારાયણ કૃપા-સિધ્ધી વિનાયક મંદિર સામે-બસ સ્ટેન્ડ પાછળ-દાંડીયા બજાર-વડોદરા | ૨૩ |  |  | |
| | બાલાજી ડેવલોપર્સ - એ નામની માલિકી (Proprietorship) પેઢીના માલિક - અલ્પના પ્રશાંત પાઠક<br>06, ગ્રાઉન્ડ ફ્લોર, મારૂતી પ્લાઝા, કુમેદાન ફળીયા, રાજમહેલ રોડ, વડોદરા<br>PANNO:ATVPP0546L | ૪૮ |  |  | A.P. Pathak |

દસ્તાવેજ લખી આપનાર આ દસ્તાવેજ લખી આપ્યાનું કબુલ કરે છે.

| BRA - 1 | | |
|---|---|---|
| 2520 | 17 | 19 |
| 2020 | | |

(W) 19/03/2020 3:28 PM

૧ પ્રશાંત દીપકરાવ પાઠક
રાજમહેલ રોડ-વડોદરા




૨ પંચોલી મહેશકુમાર છોટાલાલ
જયરતના બીલ્ડીગ, પાસે આર વી દેસાઇ રોડ,વડોદરા




તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે ઓળખે છે.
અને તેમની ઓળખાણ આપે છે.

૧. PPathak

૨. [signature]

તારીખે: ૧૯ માહે: માર્ચ -૨૦૨૦

CHETANKUMAR DEVJIBHAI CHAUDHARY
સબ રજીસ્ટ્રાર
વડોદરા - 1

બજાર કિંમત નક્કી કરવા અંગેનું ફોર્મ નં. ૧
રજુ થયેલ છે.
તારીખ: 19/03/2020

CHETANKUMAR DEVJIBHAI CHAUDHARY
સબ રજીસ્ટ્રાર
વડોદરા - 1

NOTARY MAHENDRA S. GUPTA AREA Vadodara City REG.No.1175 2010 GOVT. OF GUJARAT (INDIA)

| BRA - 1 | | |
|---|---|---|
| 2520 | 18 | 19 |
| 2020 | | |

(W) 19/03/2020 3:28 PM

ઇંકમટેક્ષ રૂલ્સ ૧૯૬૨ ની જોગવાઇ મુજબ (૧) પાન નં/ઇ.જ.ર. નંબર દર્શાવેલ છે. જેની ખરાઇ કરવામાં આવેલ છે.

આપનાર નંબર 1

લેનાર નંબર 1

સંમતી આપનાર નંબર

તારીખ: 19/03/2020

~~D D Rathava~~ C.D. CHAUDHARY

સબ રજીસ્ટ્રાર

વડોદરા - 1

સબ રજીસ્ટ્રાર ની કચેરી વડોદરા-૧ VADODARA-1

---

આ સાથે લેનાર , આપનાર તથા ઓળખાણ આપનારના ઓળખ અંગેના પ્રમાણીત પુરાવા રજુ કરેલ છે.

તારીખ: 19/03/2020

~~D D Rathava~~ C.D. CHAUDHARY

સબ રજીસ્ટ્રાર

વડોદરા - 1

---

## પરિપત્ર ક્રમાંક: ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૧૩૦૦૧ થી ૧૩૩૬૪

નોંધણી સર નિરક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગરના તા.૨૨\૦૫\૨૦૧૫ ના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૧૩૦૦૧ થી ૧૩૩૬૪ તથા તા.૧૧\૧૧\૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૩૨૩૯૨ થી ૩૨૭૫૭ મુજબ લખી આપનાર નં ( 1 ),( 2 ),( 3 )
ને દસ્તાવેજોની વિગતે સમજુત કર્યા અને ઓળખાણ આપનારાઓએ તેઓની ઓળખ ખાતરી આપતા રજીસ્ટ્રેશન એક્ટ -૧૯૦૮ ની કલમ -૩૪,૩૫,૫૮ અને ૫૯ હેઠળની કાર્યવાહી પુરી કરી.

CHETANKUMAR DEVJIBHAI CHAUDHARY

સબ રજીસ્ટ્રાર

વડોદરા - 1

NOTARY MAHENDRA S. GUPTA AREA Vadodara City REG.No.1175 2010 GOVT. OF GUJARAT (INDIA)

| BRA - 1 | | |
| --- | --- | --- |
| 2520 | 19 | 19 |
| 2020 | | |

(W) 17/06/2020 12:35 PM

જીલ્લા કલેક્ટરશ્રીને .જમીન/વશી/૯૬૨૦/૨૦૨૦ હુકમ નંબર પી.આર.ઓ. / અ.વિ / પરવાનગી એસ. આર. વશી તારીખ ૧૬/૬/૨૦૨૦ અન્વયે પરવાનગી મેળવી રજુ કરેલ છે.

તારીખ: 17/06/2020

CHETANKUMAR DEVJIBHAI CHAUDHARY
સબ રજીસ્ટ્રાર
વડોદરા - 1

| ૧ | નંબરની બુકના | ૨૫૨૦ | નંબરે નોંધ્યો છે. |
| --- | --- | --- | --- |
| તારીખ: 17-06-2020 | | | |

CHETANKUMAR DEVJIBHAI CHAUDHARY
સબ રજીસ્ટ્રાર
વડોદરા - 1

THE SEAL OF THE SUB REGISTRAR
સબ રજીસ્ટ્રાર નો સિક્કો
વડોદરા-૧
VADODARA-1

TRUE COPY
Mahendra S. Gupta
NOTARY

NOTARY
MAHENDRA S. GUPTA
AREA Vadodara City
REG.No. 1176
2010
GOVT. OF GUJARAT (INDIA)

તા. ૨૮/૦૭/૨૦૨૧
વડોદરા

અમો નીચે સહી કરનાર,
બાલાજી ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીના માલીક, અમારા પ્રસ્તાવિત પ્રોજેક્ટ, કે જેમાં "અવધૂત દર્શન" નામના રહેણાંક પ્રોજેક્ટના પ્રમોટર છીએ.
અમારી આમાં જાહેર કરીએ છીએ કે "અવધૂત દર્શન" નામના ઉપર પ્રોજેક્ટ અમો શ્રી ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ વડોદરા, રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ વડોદરા, વડોદરા કસબાના તાબાના સિમાબાગી, સર્વે નં ૬૩/૫, સીટી સર્વે નં ૯૯ ના નોંધાયેલી જેનું ક્ષેત્રફળ ૯૪.૫૮૨૭ ચો.મી. તથા ઉપર મિલકતની પૂર્વ દિશાના ક્ષેત્રફળ ધરાવતા બાજુ મિલકત જેનો સી.સ.નં. ૨૩૦, ક્ષેત્રફળ ૨૬.૬૨૦૪ ચો.મી. ના વધારે ઉપયોગ કરવાના ઇરાદાવાળી મિલકતના દાવેદાર છીએ,
સદરહુ મિલકતમાં સી.સ. ૨૩૦ વાળી મિલકત અમો વધારે ઉપયોગ ના કરી શકવાના હોવાથી તેનો ઉપયોગ અમારી તેના કોઈપણ પ્રકારનું બાંધકામ કરેલ નથી. સદર ૨૩૦ સી.સ. વાળી મિલકત ખાલી પર ખુલ્લી રાખેલી છે

BALAJI DEVELOPERS
A·P·Pathak
Proprietor

98980 13837 ppathak111@yahoo.com
6 Maruti Plaza, Ground Floor, Kumedan Falia, Rajmahal Road, Vodadara - 390 001